
## વડીલોને વંદન અભિનંદન


ચારુબેન. બી. ગાંધી
(૧૯૪૯)ફોન: ૨૩૨૩૧૫૬૮


કાન્તીલાલ એસ. મોદી
(૧૯૩૫)મો. ૯૪૨૪૪૭૫૬૫૧


કાન્તિભાઈ રા. પટેલ
(૧૯૩૫)મો. ૯૯૨૫૦૦૯૭૧૯


રમણીકલાલ પી. વ્યાસ
(૧૯૨૮)ફોન: ૨૩૨૨૩૦૮૬


કપીલાબેન સી. પટેલ
(૧૯૩૬)ફોન: ૨૩૨૨૨૩૧૮

# પ્રદિપ શર્મા બોગસ પાસપોર્ટ બનાવીને ભાગી જવાના હતા

અમદાવાદ, તા.૦૪

માધુરી જાસુસી કેસમાં ગુજરાત રાજ્ય સરકાર સામે પડેલા સસ્પેન્ડેડ આઈએએસ ઓફિસર પ્રદિપ શર્મા વિરૂદ્ધ આરોપો લગાવી રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કરી ચોંકાવનારી વિગતો પ્રકાશિત કરી હતી. શરૂઆતમાં પ્રદિપ શર્માએ રાજ્ય સરકાર વિરૂદ્ધ આક્ષેપો કર્યા હતા અને હવે રાજ્ય સરકારે તેમની વિરૂદ્ધ આક્ષેપો કર્યા છે. રાજ્ય સરકારે તેમની વિરૂદ્ધ બોગસ પાસપોર્ટ બનાવી ગેરકાયદે વિદેશ ભાગી જવાનો પણ સોગંદનામામાં આરોપ લગાવ્યો છે, હાલ રાજ્ય સરકાર અને પ્રદિપ શર્મા વચ્ચે કોલ્ડ વોર પુરજોશમાં ચાલી રહ્યો છે.

મહિલા આર્કિટેક્ટની ગેરકાયદે જાસુસી કરી સરકારી મશીનરીનો દુરૂપયોગ કર્યા અંગેનો આક્ષેપ પ્રદિપ શર્માએ કર્યો હતો. શરૂઆતમાં પ્રદિપ શર્માએ મીડીયાના માધ્યમથી ગુજરાત સરકારને જાસુસી કાંડ મુદ્દે આડે હાથ લીધી હતી. હવે રાજ્ય સરકાર તેમને આડે હાથ લઈ રહી છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલ સોગંદનામામાં રાજ્ય સરકારે પ્રદિપ શર્મા વિરૂદ્ધ આરોપ લગાવી જણાવ્યું છે કે પ્રદિપ શર્માને ન્યાયિક પ્રક્રિયા અને કાયદા માટે કોઈ માન નથી, તેમને ભ્રષ્ટાચારના કેસમાં જામીન મળ્યા બાદ વધુ પુછપરછ અર્થે બોલાવવામાં આવ્યા હતા પરંતુ તેઓ ભુગર્ભમાં જતાં રહ્યા હતા. ઉપરાંત વધુ એક ગુનામાં પોલીસે તેમને દિલ્હીના ગેસ્ટહાઉસમાંથી પકડ્યા હતા. એ વખતે તેઓ ખોટા ડ્રાઈવીંગ લાયસન્સ ઉપર રહી રહ્યા હતા. સરકારે સોગંદનામામાં વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે પ્રદિપ શર્મા બોગસ પાસપોર્ટ બનાવી વિદેશ ભાગી જવાની પેરવીમાં હતા, કેમ કે તેમનો અસલ પાસપોર્ટ કોર્ટમાં જમા હોવાથી બોગસ પાસપોર્ટ બનાવી વિદેશ ભાગી જવાના હતા. આ સમગ્ર સોગંદનામામાં લગાવેલ આરોપ વિશે પ્રદિપ શર્માને પૂછતા તેમણે આરોપોનો ઈન્કાર કર્યો હતો. હાલ પ્રદિપ શર્મા અને ગુજરાત રાજ્ય સરકાર વચ્ચે કોલ્ડવોર ચાલી રહ્યો છે.




## પાડાના વાકે પખાલીને ડામ : પાટણ યુનિવર્સિટીની ભુલથી વિદ્યાર્થીઓ પરેશાન

હાલ રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓમાં યુનિવર્સિટીકક્ષાની પરીક્ષાઓ ચાલી રહી છે. ત્યારે આજે ઉત્તર ગુજરાત હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં એમ.એ. પાર્ટ-૧નું સાયકલોજીનું પેપર હતુ પરંતુ યુનિવર્સિટીની ભુલના કારણે વિદ્યાર્થીઓને પેપર ન મળતા વિદ્યાર્થીઓ રોષે ભરાયા હતા. યુનિવર્સિટીની આ ભુલને કારણે ખરેખર વિદ્યાર્થીઓની કારકિર્દી માટે ગંભીર બાબત છે. આથી આ મામલે એન.એસ.યુ.આઈ. અને એવીબીપીના વિદ્યાર્થીઓ ભારે હોબાળો મચાવ્યો હતો અને આ ગંભીર ભુલ કરનાર પરીક્ષા નિયામક સામે કડક પગલા ભરાય તેવી ઉગ્ર માંગણી કરી હતી. જ્યારે આ બધાની વચ્ચે વિદ્યાર્થીઓ પરીક્ષા આપ્યા વગરના રહ્યા હતા.

# ગુલબર્ગ ફંડ કેસમાં તિસ્તાની ધરપકડ પર અંતે સ્ટે મુકાયો

અમદાવાદ, તા.૪

સામાજિક કાર્યકર તિસ્તા શેતલવાડ અને તેમના પતિ જાવેદ આનંદ તેમજ માર્યા ગયેલા કોંગ્રેસના સાંસદ અહેશાન જાફરીના પુત્ર તન્વીરને મોટી રાહત આપીને ગુજરાત હાઈકોર્ટે તેમની ધરપકડ ઉપર ૨૩મી એપ્રિલ સુધી સ્ટે મુકી દીધો હતો. ગુલબર્ગ ફંડ કેસના સંદર્ભમાં તેમની ધરપકડ ઉપર સ્ટે મુકવામાં આવ્યો છે. હાઈકોર્ટે સ્ટેને લંબાવવાની જાહેરાત કરી હતી.

અગાઉ રાજ્ય સરકારે તેનો જવાબ રજૂ કરવા માટે વધારે સમયની માંગ કરી હતી. સાથે સાથે ખાતરી આપી હતી કે, વધુ સુનાવણી સુધી તિસ્તા અને અન્યોની ધરપકડ કરવામાં આવશે નહીં. રાજ્ય સરકારની જોરદાર રજૂઆત બાદ જસ્ટિસ અનંત એસ. દવેએ ૨૩મી એપ્રિલ સુધી સ્ટે મુકી દીધો હતો અને ૨૩મી એપ્રિલ સુધી મામલાની સુનાવણી મોકૂફ કરી દીધી હતી. શેતલવાડ, આનંદ, જાફરી, ગુલબર્ગ સોસાયટીના સેક્રેટરી ફિરોઝ ગુલઝાર અને ચેરમેન સલીમ સાંધીની આગોતરા જામીન અરજી ઉપર કાર્યવાહી હાથ ધરતા હાઈકોર્ટે આજની તારીખ સુધી તેમની ધરપકડ ઉપર સ્ટે મુકયો હતો. આ પાંચ લોકોએ હાઈકોર્ટ પાસેથી જામીનની માંગ કરી હતી. કારણ કે સેશન કોર્ટે તેમની જામીન અરજીને ૨૫મી માર્ચના દિવસે ફગાવી દીધી હતી. સેશન કોર્ટના જજે ઠેરવ્યું હતું કે, આરોપીઓ સામે દસ્તાવેજી પુરાવા હતા જેમાં વધારે તપાસ કરવાની જરૂર હતી. સીટી ક્રાઈમ બ્રાંચે શેતલવાડ અને અન્યો સામે એફઆઈઆર દાખલ કરીને તપાસ હાથ ધરી હતી. ગુલબર્ગ સોસાયટીને મ્યુઝિયમમાં ફેરવી નાંખવા માટે તેમને આપવામાં આવેલા દાનના સ્વરુપમાં તેમને મળેલા નાણાંનો ખોટી રીતે ઉપયોગ કર્યો હતો. ગુલબર્ગ સોસાયટીના ૧૨ નિવાસીઓએ ગયા વર્ષે શેતલવાડ પાસેથી ૧.૫૧ કરોડની માંગણી કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે, તેમના નામમાં એકત્રિત કરવામાં આવેલા નાણાં ક્યારે પણ વિતરિત કરવામાં આવ્યા નથી. શેતલવાડ અને આનંદે મુંબઈ હાઈકોર્ટ સમક્ષ અરજી દાખલ કરીને ફંડના ઉચાપત બદલ તેમની સામે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને રદ કરવાની માંગ કરીને અપીલ કરી હતી. સાથે સાથે તેમના બેંક ખાતાઓને ખોલી દેવાની માંગ કરી હતી જેને કોર્ટે ફગાવી દીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે ગોધરાકાંડ બાદ આ બનાવ બન્યો હતો. ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડમાં કોંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ અહેસાન જાફરી સહિત ૬૮ લોકો માર્યા ગયા હતા. ગુલબર્ગ સોસાયટીમાં તોફાની ટોળાએ રમખાણ દરમિયાન આગ ચાંપી દીધી હતી. આ બનાવ બાદ ભારે ખળભળાટ મચી ગયો હતો. ગોધરાકાંડ બાદ અમદાવાદ સહિત ગુજરાતના જુદા જુદા ભાગોમાં વ્યાપક કોમી હિંસા ભડકી હતી.

## ઓડીએ ભારતમાં સફળતાનો ગ્રાફ જાળવ્યો

અમદાવાદ, તા.૦૪

જર્મન લકઝરી કાર ઉત્પાદન કંપની ઓડીએ ભારતમાં તેની સફળતાનો ગ્રાફ જાળવી રાખ્યો છે. હવે તે દેશની પહેલી લકઝરી કાર ઉત્પાદક કંપની બની ગઈ છે, કે જેણે એક નાણાંકીય વર્ષમાં ૧૦,૦૦૦થી પણ વધુ લકઝરી કારનું વેચાણ કર્યું હોય. આ અગાઉ ઓડીને કેલેન્ડર વર્ષ ૨૦૧૩માં પણ આ સિદ્ધિ હાંસલ કરી હતી. ઓડીએ નાણાંકીય વર્ષ એપ્રિલ ૨૦૧૩થી માર્ચ ૨૦૧૪ દરમિયાન ૧૦,૧૨૬ લકઝરી કારોનું વેચાણ કરીને સફળતાની એક નવી મંઝીલ હાંસલ કરી છે. ઓડી ઈન્ડિયાએ જાન્યુઆરીથી માર્ચ ૨૦૧૪ના ત્રિમાસિક ગાળા દરમ્યાન ૨૭૪૦ ગાડીઓનું વેચાણ કરીને ઉલ્લેખનીય આંકડા છે.

# ત્રણ અધિકારીઓને IAS ગ્રેડ સિલેક્શન પ્રમોશન મળી જશે

### આઈએએસ સિલેક્શન ગ્રેડ પરીક્ષાના પરિણામને આધારે ટોપ ૨૦ અધિકારીઓનું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે

અમદાવાદ, તા.૦૪

રાજ્ય સરકાર દ્વારા આઈએએસ સિલેક્શન ગ્રેડમાં પ્રમોશન માટે લેવામાં આવેલી પરીક્ષામાં ૨૮૩ ઉમેદવારોમાંથી ટોપ ૨૦ ઉમેદવારોનું લીસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે, જેમાંથી સી.આર. સહિતની બાબતની ચકાસણી બાદ ટોપ ૧૫ ઉમેદવારોનું લીસ્ટ તૈયાર કરીને યુપીએસસીને મોકલી આપવામાં આવશે. યુપીએસસી તેમાંથી ત્રણ ઉમેદવારોની પસંદગી કરશે. જેમને આઈએએસ સિલેક્શન ગ્રેડમાં પ્રમોશન આપવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં આઈએએસ સિલેક્શન ગ્રેડના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જેના કારણે રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતાં વર્ગ-૧ના અધિકારીના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતાં વર્ગ-૧ના અધિકારીઓને વધુમાં વધુ તક મળશે. આ ફેરફાર બાદ રાજ્ય સરકાર દ્વારા ગત તારીખે ૩૦ માર્ચના રોજ આઈએએસ સિલેક્શન ગ્રેડ માટેની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં રાજ્યભરમાંથી વર્ગ-૧ના ૨૮૩ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. રાજ્ય સરકાર દ્વારા લેવાયેલી આ પરીક્ષાનું પરીણામ આવી ગયું છે. જેના આધારે પરીક્ષા આપનાર ૨૮૩ ઉમેદવારોમાંથી ટોપ ૨૦ ઉમેદવારોનું એક લીસ્ટ બનાવવામાં આવ્યું છે. આ ટોપ ૨૦ ઉમેદવારોના સી.આર.સહિતની બાબતોની ચકાસણી કરીને તેમને ગ્રેડ આપવામાં આવશે.

## દાંડીયાત્રા સમાપન દિને કોંગ્રેસ સેવાદળ દ્વારા પદયાત્રાનું આયોજન

ઐતિહાસિક દાંડીયાત્રા પૂ. મહાત્મા ગાંધીજીની આગેવાની હેઠળ તા. ૧૨મી માર્ચ ૧૯૩૦ના દિવસે પ્રારંભ થઈ હતી જેનું તા. ૬ ઠ્ઠી એપ્રિલ ૧૯૩૦ના દિવસે નવસારી જિલ્લાના દાંડી ગામે સમાપન થયું હતું. ગુજરાત પ્રદેસ કોંગ્રેસ સેવાદળ દ્વારા તા. ૬ ઠ્ઠી એપ્રિલના ઐતિહાસિક દિવસે '૮૪મી મીઠા સત્યાગ્રહ (દાંડી) સમાપન પદયાત્રા'ની એક વિશાળ કૂચ નવસારી જિલ્લામાં આવેલ મટવાડ ગામથી સવારે ૮ વાગે શરૂ થઈ દાંડી સ્મારક ખાતે પહોંચશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેવા દળના મુખ્ય સંગઠક મંગલસિંહ સોલંકી દ્વારા આયોજિત આ સમાપન પદયાત્રા આઝાદીની ચળવળમાં અતિ મહત્વની દાંડીયાત્રાને સ્મરણાંજલી આપવામાં આવશે. આ સ્મરણાંજલી કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેવાદળના તમામ જિલ્લા, તાલુકા અને શહેરના હોદ્દેદારો અને સેવાદળના તાલીમ પામેલ સૈનિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# જવેલર્સમાં ધાડ પાડતા પૂર્વે ગેંગના સભ્યોની અટકાયત

અમદાવાદ, તા.૦૪

અમદાવાદ શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં ખુલ્લા મેદાન પાસેની જવેલર્સમાં હથિયાર સાથે ધાડ પાડવા જતાં પહેલા જ એમપીની ગેંગના પાંચ સભ્યોને સેક્ટર-૨ સ્કોર્ડ ઝડપી પાડતા લૂંટની ઘટના ટળી છે. એમપીની ગેંગના પાંચ સભ્યો પાસેથી લોડેડ પિસ્તોલ, તમંચા તથા ૨૫ કારતુસ મળી કુલ રૂા. ૧,૫૮,૮૦૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. સેક્ટર-૨ના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.વી. સીસારા તથા સ્ફાટના માણસોને બાતમી મળી હતી કે કૃષ્ણનગર વિસ્તારમાં આવેલા ખુલ્લા મેદાન નજીકની એક જવેલર્સને ત્યાં એમપીની ગેંગના હથિયારધારી પાંચ સભ્યો હુમલો કરીને લૂંટ ચલાવવાના છે તે આધારે સેક્ટર-૨ના સ્કોર્ડ વોચ ગોઠવીને આરોપી પંકજ ઉર્ફે ઢોલુ રામનરેશ શર્મા, (રહે. નરોડા), ભૂપેશ ઉર્ફે ભૂપેન્દ્ર ગજરાજસિંહ યાદવ (રહે. નરોડા), ચંદ્રભાણસિંહ ઉર્ફે ભાપુ ઉર્ફે પપ્પુ આત્મારામસિંહ તોમર (રહે. નાના ચીલોડા), સંદિપ બલરામસિંહ પાનસિંહ તોમર (રહે. નરોડા) તથા વિનોદસિંહ ઉર્ફે કલ્લુ વિશ્વનાથ તોમર, (સુરત)ની ધરપકડ કરી પકડાયેલ પાંચેય આરોપીઓ મધ્યપ્રદેશના મોરેના જિલ્લાના વતની છે. આ ગુનાના મુખ્ય સુત્રધાર પંકજ ઉર્ફે ઢોલુ રામનરેશ શર્મા તથા ભુપેશ ઉર્ફે ભુપેન્દ્ર યાદવ મધ્યપ્રદેશમાં વોન્ટેડ અને ખૂબ જ ક્રિમીનલ માનસીકતા વાળા છે. તેઓ પોલીસ ઉપર પણ ફાયરીંગ કરી ચુક્યા છે.

## આઈએસઆઈ સાથે સંબંધ ધરાવતો સલીમ યાકુબ અંતે ઝડપાયો

અમદાવાદ ક્રાઈમબ્રાંચે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ એજન્ટનો સાગરીત સલીમ યાકુબ કારાની ધરપકડ કરી છે. પોલીસને પેટ્રોલીંગ બાતમીના આધારે સીદી સૈયદની જાળીના ગેટ આગળી મેટાલીક ગોલ્ડન કલરની નેનો કાર સાથે સલીમ યાકુને ઝડપી અટક કરવામાં આવી છે. પકડાયેલ સલીમના પિતા યાકુબ કારા સ્મલીંગ કરતા હતા ત્યારે દુબાઈથી ચોરીની ચાંદી, વીસીઆર, વીસીડી, ઘડિયાળો વગેરે સ્મગલીંગના જુદા જુદા ૧૦ કેસોમાં કસ્ટમ દ્વારા પકડાયા છે. સલીમ પણ ૧૬ વર્ષની ઉંમરે તેના પિતાના ગુનાખોરીના દંધામાં સામેલ થઈ ગયો હતો. દુબઈથી સ્મલીંગનો ધંધો શરૂ કર્યોહતો. સલીમ કારાની પૂછપરછ વર્ષ ૧૯૯૪માં દ્વારકા પોલીસ સ્ટેશનમાં એક ગેરકાયદેસર રિવોલ્વર રાખવાના આર્મ્સ એક્ટના ગુનામાં પકડાય ચૂક્યો હોવાની કબુલાત આપી છે.


અમદાવાદ પશ્ચિમમાં ભાજપના ઉમેદવાર કિરિટ સોલંકીએ ઉમેદવારીપત્રો દાખલ કર્યા હતા.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

## શબ્દાવલી - ૫૩૫૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | █ | ૪ | ૫ | ૬ |
| ૭ | | | █ | ૮ | | | |
| ૯ | | █ | ૧૦ | | █ | ૧૧ | |
| | █ | ૧૨ | | | █ | ૧૩ | |
| █ | ૧૪ | █ | | █ | ૧૫ | █ | |
| ૧૬ | | | | █ | ૧૭ | ૧૮ | █ |
| ૧૯ | | █ | | █ | ૨૦ | | ૨૧ |
| ૨૨ | | | | | █ | ૨૩ | |

### આડી ચાવી

૧. સમય દર્શાવતું યંત્ર (૪)
૪. એક કડવા સ્વાદનું શાક (૩)
૭. ૧૨ની સંખ્યાનું માપ (૩)
૮. એક નાનું ચોપગું પ્રાણી (૪)
૯. પળ, ક્ષણવાર (૨)
૧૦. પક્ષીનું મોં (૨)
૧૧. કોણ, શું પ્રશ્નાર્થ (૨)
૧૨. બિચારી (૩)
૧૩. એના જેવા (૨)
૧૬. આશા વિનાનું, હેલ્પલેસ જેવું (૪)
૧૭. ચીડ, ગુસ્સો, અનુકંપા (૨)
૧૯. ટકલી, ટાલ (૨)
૨૦. આશ્ચર્ય, અચરજ (૩)
૨૨. લપસણીનું એક નામ આડુઅવળું (૫)
૨૩. ખુશ, પ્રસન્ન (૨)

### ઊભી ચાવી

૧. વૃદ્ધાવસ્થા, જરાવસ્થા (૪)
૨. પેટ્રોલ અને ... થી ગાડી ચાલે (૩)
૩. વાહન (૨)
૪. .... ળ, આડખીલી હોય તેને પતાવી દેવું જેવો અર્થનો શબ્દ બને (૨)
૫. 'એક્કોરે' શબ્દ આડોઅવળો (૪)
૬. ધંગધડા વગરનું અવ્યવસ્થિત (૫)
૮. મગ-ચોખાનો શીરો, બિમાર માણસ માટે સારી (૩)
૧૦. ચાપલુસી, ચબાવલાપણુ (૬)
૧૪. છીંકણી, કંદ કે શીંગોડાનો લોટ (૪)
૧૫. આપવું તે, ... કરવું (૩)
૧૬. ચા-પાણી નાસ્તાની દુકાન (૩)
૧૮. ગૌરીવ્રતમાં... વાવવામાં આવે છે. (૩)
૨૧. સહેલું, સરલ (૨)

### શબ્દાવલી ૫૩૫૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિતરણ (૩) પોચક (૫) બંકર (૬) હયાત (૮) કારગીલ (૧૦) અનાવરણ (૧૨) ઢગ (૧૩) હેતુ (૧૪) ચણ (૧૫) પાસવી (૧૮) સવારી (૧૯) ષટ્કોણ

**ઊભી ચાવી :-** (૧) વિવાહ (૨) રહિત (૩) પોક (૪) ચર (૫) બંધારણ (૭) યાતના (૮) કારતુસ (૯) લઢણ (૧૦) અજવાસ (૧૧) વહેપારી (૧૬) વીષ (૧૭) વેણ

## કંપની સમાચાર

### લુબ્રીઝોલ દ્વારા ભારતના ટેમ્પરાઈટ સીપીવીસી કમ્પાઉન્ડીંગ પ્લાન્ટનું ભૂમિપૂજન

લુબ્રીઝોલ કોર્પોરેશને ભારતમાં દહેજ (ગુજરાત) ખાતે તેના નવા ટેમ્પરાઈટ કલોરિનેટેડ પોલિવિનાઈલ કલોરાઈડ (સીપીવીસી) કમ્પાઉન્ડીંગ પ્લાન્ટના ભૂમિપૂજનની જાહેરાત કરી છે. આ પ્લાન્ટનું બાંધકામ એ કંપનીએ અગાઉ જેની જાહેરાત કરી હતી તે ૪૦ કરોડ ડોલરના ખર્ચે દુનિયાભરમાં તેની રેસીન અને કમ્પાઉન્ડીંગ ઉત્પાદન ક્ષમતાનું વિસ્તરણ કરવાની યોજનાનો આંતરિક હિસ્સો છે. ભારતના બજાર માટેની નિષ્ઠા વધુ સુદઢ બનાવીને લુબ્રીઝોલ આ નવા પ્લાન્ટમાં મૂડી રોકાણ કરીને દુનિયાના ટોચના સીપીવીસી ઉત્પાદક તરીકે ભારતમાં કામગીરીનો પ્રારંભ કરશે. આ નવા પ્લાન્ટમાં પાંચ કરોડ યુએસ ડોલરથી વધુ મૂડી રોકાણ થવાનો અંદાજ છે અને તે અંદાજે ૫૫૦૦૦ મેટ્રિક ટન કમ્પાઉન્ડઝનું વાર્ષિક ઉત્પાદન કરશે.

આ દહેજનો પ્લાન્ટ દેશમાં સૌથી મોટા કેમિકલ પાર્કસમાં સ્થાન પામતા ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશનમાં આવેલો છે. લુબ્રીઝોલના સ્પેશ્યાલિટી કેમિકલ પ્રોડકટ, પોર્ટફોલિયો માટે આવશ્યક ઘણી કાચી સામગ્રીઓનું જીઆઈડીસીમાં ઉત્પાદન થાય છે. આ પ્લાન્ટ શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ વચ્ચે ભૌગોલિક રીતે એ પ્રકારે સ્થાપિત કરાયો છે કે જેથી ભારતના વૃદ્ધિ પામતાં બજાર ઉપરાંત દક્ષિણ એશિયા, મધ્ય-પૂર્વ અને પૂર્વ આફ્રિકાના ટેમ્પરાઈટ સીપીવીસી બિઝનેસની વ-દ્ધિને વેગ આપશે.

ટેમ્પરાઈટ એન્જિનીયર્ડ પોલિમર્સના દક્ષિણ એશિયા ખાતેના હેડ મનોજ ધાર વધુ વિગત આપતાં જણાવે છે કે અમારી ફલોગાર્ડ હોટ એન્ડ કોલ્ડ પ્લમ્બીંગ સિસ્ટમ પ્રોડકટસ માટે નક્કી કરાયેલા વૃદ્ધિ દર પ્રમાણે આ પ્લાન્ટ અમને બજાર વધતી માંગને પહોંચી વળવામાં બહેતરપણે સહાય કરશે.

## આજે અડવાણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રી અડવાણી દેશભરમાં પ્રચારસભાઓ ગજવવાના હોવાથી તેઓ આ સંસદીય મતવિસ્તારમાં સાતેક દિવસ જ પ્રચાર અભિયાન માટે આવશે તેમ જાણવા મળેલ છે.

ભાજપના વરિષ્ઠ નેતા એલ.કે. અડવાણીએ ભોપાલ બેઠકની માંગણી કરી હતી. જો કે સંઘ અને ભાજપ નેતાગીરીએ અડવાણીને ગાંધીનગર બેઠક પર ટીકીટ ફાળવતા આખરે અડવાણીએ પક્ષના નિર્ણયને સ્વીકારવો પડયો હતો.

અડવાણી સાથે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તેમજ પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુ પણ ઉપસ્થિત રહેશે. ઉમેદવારી પત્ર ભરવામાં આવ્યા બાદ તેઓ પોતાના મતવિસ્તાર ગાંધીનગર તેમજ અમદાવાદમાં ચૂંટણી કાર્યાલયને પણ ખુલ્લુ મુકશે અને અમદાવાદના કેટલાક વિસ્તારોમાં રોડ શો દ્વારા મતદારોનો સંપર્ક કરનાર છે.

અડવાણી અમદાવાદ આર.કે. હોલ ખાતે પણ કાર્યકરો અને આગેવાનોને સંબોધન કરશે અને સાંજે દિલ્હી પરત ફરશે.

અડવાણી એક દિવસના રોકાણ બાદ પરત દિલ્હી ફરશે કારણ કે અન્ય રાજયોમાં ભાજપની ચૂંટણી સભાઓ સંબોધવા પ્રવાસમાં જનાર છે.

## સમય ન આપવો પડ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત આકૃતિઓ માત્ર બે જ પુછાઈ હતી. જેના પરિણામે વિદ્યાર્થીઓને વધુ સમય બગડ્યો ન હતો. વિષય નિષ્ણાંત ડૉ. અજયસિંહ રાજપૂતે આ અંગે વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે બાયોલોજીના પેપરમાં સામાન્ય રીતે વિદ્યાર્થીઓને સમય પુરતો હોય છે પરંતુ આ પેપર લેન્ધી ન હોવાથી ૭ એમ.સી.ક્યુ.ને બાદ કરતા સરળ પુરવાર થયું હતું. પરીક્ષા દરમિયાન ગેરરીતિનો એકપણ કીસ્સો નોંધાયો નથી.

## કોંગ્રેસ-'આપ'ના ઉમેદવારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યું હતું. આ બેઠક પર ઉમેદવારી નોંધાવવા માટે ૩૨ જેટલા લડવૈયાઓએ ફોર્મ કલેકટર કચેરીમાંથી મેળવ્યા હોવાનું જાણવા મળેલ છે. જો કે હજુ સુધી માત્ર એક જ ઉમેદવારી પત્ર ભરાયું છે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં જે સાત વિધાનસભા મતવિસ્તારો આવે છે તેમાં અમદાવાદના પાંચ અને ગાંધીનગર જિલ્લાના બે વિધાનસભા વિસ્તારોનો સમાવેશ થાય છે.

ગાંધીનગર કોંગ્રેસ પક્ષની એક યાદીમાં જણાવાયા મુજબ ૭મીએ કોંગ્રેસના મધ્યસ્થ કાર્યાલયને ખુલ્લુ મુકવામાં આવશે અને શ્રી કીરીટ પટેલ ત્યાંથી સમર્થકો સાથે ઉમેદવારી પત્ર ભરવા જશે.

બીજી તરફ આમ આદમી પાર્ટીએ પણ રવિવારે ગાંધીનગરમાં એક રેલીનું આયોજન કર્યું છે. આપના ઘોષિત ઉમેદવાર શ્રી ઋતુરાજ મહેતા સોમવારે વિજયમુહુર્તમાં તેમની ઉમેદવારી નોંધાવનાર છે.

## કરંટ લાગવાથી મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગેરકાયદેસર રીતે મૂકેલી માંડલા ગામના એક પટેલ ખેડૂતની ઈલેક્ટ્રીક મોટરના વાયરોના કારણે શોક લાગતાં ગણપતજી ઠાકોર કેનાલમાં પડ્યો હતો. જ્યારે ત્યાં હાજર અને વિદ્યાર્થી યુવાનો ઠાકોર શૈલેષજી ચીનાજી (ઉ.વ.૯) તથા ઠાકોર નરેશજી લક્ષ્મણજી ઠાકોર (ઉ.૧૨), એક બીજાને બચાવવા જતાં કરંટ લાગતાં ઘટના સ્થળે જ મોતને ભેટ્યા હતા. સીમ વિસ્તારમાં બનેલ અઘટિત ઘટનાને કારણે લોકોના ટોળેટોળાં ઉમટ્યા હતા. આ બાબતે થરા પી.એસ.આઈ. વી. આર. ચાવડાને જાણ કરતાં થરા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને સ્થળ પર પંચનામું કરી ત્રણેય સગીર યુવાનોના મૃતદેહને થરા રેફરલ ખાતે પી.એમ. માટે લાવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કાંકરેજના મામલતદાર રાઠોડ નાયબ મામલતદાર અશોક મામતોરાની ઉપસ્થિતિમાં પંચનામું કરવામાં આવ્યું હતું. આ બાબતે પોલીસે ઠાકોર ગોવિંદજી છગનજીની ફરિયાદને આધારે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## રહેણાંક ખાલી કરાવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચુકવણી સહીતની બાબાતોમાં શરતચુક થાય તેવા કિસ્સાઓ તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરવા સુધીની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. થોડા સમય અગાઉ પણ તંત્ર દ્વારા આ મામલે સંસ્થાઓને નોટીસ આપવામાં આવી હતી. સે. ૧૩માં જ-૨ કક્ષાના બ્લોકમાં કાર્યરત પી.વી. એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ભાડુ ન ચુકવાતા આ મામલે તંત્ર દ્વારા ઈવીકશન કોર્ટમાં દયા અરજી દાખલ કરવામાં આવી હતી. જેના અંતે ઈવીકશન કોર્ટે આ સરકારી બ્લોક ખાલી કરાવી દેવા આદેશ કર્યો હતો. આમ પણ ટ્રસ્ટને ફાળવવામાં આવેલ બ્લોક નિકાલ હેઠળના મકાનોમાં આવરી લેવાયો હોવાનુ પણ ધ્યાને આવ્યું છે. આ મામલે ટ્રસ્ટ સામેથી ડિસ્ટ્રીક્ટ કોર્ટ કક્ષાએથી મનાઈ હૂકમની નામંજૂર કરી દેવાઈ હતી. જેના પરિણામે તંત્ર દ્વારા આ મકાનો કોર્ટના આદેશ મુજબ ખાલી કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી મુજબ શનિવારે સવારે ૧૦ વાગે પોલીસ પહેરા વચ્ચે ત્રણ બ્લોકના ૧૮ યુનિટ ખાલી કરાવવા કાર્યવાહી હાથ ધરાશે.